# ‘ફ્રેન્ડ્સ ફોર લાઈફ ઈનિશિયેટિવ’: ભારતીય લશ્કરની અનોખી વ્યૂહાત્મક પહેલ

જેમ યુદ્ધની નિરર્થકતા અને શાંતિનું મહત્ત્વ એક સૈનિકથી વધુ કોઈ ન સમજી શકે એ જ રીતે મૈત્રી અને બીજા અતૂટ સામાજિક-પારિવારિક સંબંધોનું મહત્ત્વ અને મૂલ્ય પણ એક સૈનિકથી વધુ કોઈ ન સમજી શકે. આવું એટલા માટે કે એક સૈનિક પોતાના લાંબા લશ્કરી જીવનમાં ઘણા એવા પડાવનો સામનો કરે છે જ્યારે માનવજીવનની અનિશ્ચિતતા અને મૃત્યુની કડવી વાસ્તવિકતા અને તેનું તાંડવ પણ નજર સામે જોવા મળે છે. એટલે જ લશ્કર પોતાના આંતરિક માળખામાં એવા કેટલાય સંગઠનો (અહીં એસોસિએશન કે મંડળના અર્થમાં)ને પ્રોત્સાહન આપતું રહે છે કે જેમાં મૈત્રી સંબંધો અને અન્ય સામાજિક સંબંધો અને તેમાં એક પરિવારની ભાવના મજબૂત થતી રહે અને તેનું વર્તુળ વિસ્તરતું રહે. આ જ મૂળભૂત વિભાવના એક સૈનિકના મનમાં એટલી દૃઢ હોય છે કે પોતાની સત્તાવાર ફરજના



ભાગરૂપે કોઈ લશ્કરી કાર્યવાહી કે એક પૂર્ણ કદના યુદ્ધ દરમ્યાન સરહદપારના સૈનિકને દુશ્મન માનતો સૈનિક યુદ્ધ કે લશ્કરી કાર્યવાહી પછી જરૂર પડ્યે તે જ દુશ્મન સૈનિકની અંતિમવિધિ પણ સન્માનપૂર્વક કરે છે. અત્યાર સુધી ભારત અને પાકિસ્તાન વચ્ચે થયેલા યુદ્ધોનો ઈતિહાસ તપાસીએ કે બંને વિશ્વયુદ્ધોનો ઈતિહાસ પણ તપાસીએ તો એવા ઘણાં ઉદાહરણ મળે કે જેમાં ભારત અને પાકિસ્તાન બંનેના લશ્કરી અધિકારીઓએ પરસ્પરના લશ્કરી અધિકારીઓની વીરતાને બિરદાવી હોય. વળી, વિશ્વયુદ્ધના કિસ્સામાં તો એવાં પણ ઉદાહરણ મળે છે કે પહેલા કે બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન પોતપોતાના દેશ વતી એકબીજાની સામે લડી ચૂકેલા ભૂતપૂર્વ સૈનિકો હવે વિશ્વયુદ્ધના વર્ષો પછી પરસ્પર ગાઢ મિત્રો પણ બની ગયા હોય.

આ વાત અત્યારે એટલા માટે યાદ આવી કે આ વખતે અહીં ભારતીય લશ્કરની એક વ્યૂહાત્મક છતાં અનોખી પહેલની વાત કરવી છે. ભારતીય લશ્કરની આ અનોખી વ્યૂહાત્મક પહેલ એટલે ‘ફ્રેન્ડ્સ ફોર લાઈફ ઈનિશેટિવ’ (Friends For Life Initiative). અહીં ઉલ્લેખનીય છે કે દેશની વિવિધ સૈનિક સ્કૂલો તેમજ લશ્કરી તાલીમની અન્ય સંસ્થાઓનાં પોતપોતાનાં અલ્યુમની એસોસિએશન તો છે જ પણ બદલાતા સમયની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ભારતીય લશ્કરે જે ‘ફ્રેન્ડ્સ ફોર લાઈફ ઈનિશેટિવ’ શરૂ કર્યું છે તે એક વેબસાઈટ સ્વરૂપે શરૂ થયેલું એક ઓનલાઈન પ્લેટફોર્મ છે, જેના થકી ભારતીય લશ્કરની તાલીમી સંસ્થાઓમાં તાલીમ લઈ ચૂકેલા માત્ર ભારતીય જ નહીં બલકે વિદેશી સૈનિકો અને અધિકારીઓ પણ એકસાથે આવી શકશે. સત્તાવાર માહિતી પ્રમાણે આ પહેલ હેઠળ ભારતના મિત્રદેશો સહિત અન્ય 99 દેશો, કે જેના લશ્કરી અધિકારીઓ એક યા બીજી રીતે ભારતીય લશ્કરની તાલીમી સંસ્થાઓ સાથે સંકળાયેલા રહ્યા છે તે બધા જ દેશોને એકસાથે સાંકળવાનું આયોજન છે. જોકે સુરક્ષાલક્ષી અને વ્યૂહાત્મક કારણોસર આ બધા જ દેશોના નામ જાહેર કરાયા નથી. આમ છતાં જે કેટલાક દેશોના નામ સત્તાવાર રીતે જાહેર કરાયા છે તેમના વિશે અને આ અનોખી પહેલના વ્યૂહાત્મક મહત્ત્વ વિશે પછી વાત કરીએ. તે પહેલાં આ પહેલ જેના થકી શક્ય બની છે તે વેબસાઈટ વિશે ટૂંકમાં વાત કરીએ. ભારતીય લશ્કરના આર્મી ટ્રેનિંગ કમાન્ડની ટેક્નિકલ

> **ભારતીય લશ્કરની આ બડી સિસ્ટમ છેવટે કેડેટ્સ વચ્ચે આજીવન મૈત્રી અને એક સ્ટ્રોંગ બોન્ડ ઊભું કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. ભારતીય લશ્કરની આ પહેલનો મુખ્ય હેતુ આ બોન્ડિંગને વૈશ્વિક સ્તરે મજબૂત કરી તેનો વ્યૂહાત્મક લાભ લેવાનો છે**

ટીમ દ્વારા તૈયાર કરવામાં આવી છે. આ પહેલ થકી જે 99 દેશોના લશ્કરી અધિકારીઓને એક છત્ર હેઠળ લાવવાનું આયોજન છે, તે પૈકી 39 દેશો એવા છે કે જે ભારતના સત્તાવાર મિત્ર દેશોની યાદીમાં સ્થાન પામે છે. 1991માં શરૂ થયેલો આર્મી ટ્રેનિંગ કમાન્ડ દેશની તમામ લશ્કરી સંસ્થાઓં સંકલન અને સંચાલન કરે છે. નવા ભરતી થયેલા કેડેટ્સને યોગ્ય લશ્કરી તાલીમ આપીને તેમનું એક સક્ષમ લશ્કરી અધિકારીમાં રૂપાંતર કરવાની સમગ્ર પ્રક્રિયા ભારતીય લશ્કરના આર્મી ટ્રેનિંગ કમાન્ડની દોરવણી હેઠળ થાય છે. આ સાથે ભારતીય લશ્કરની તાલીમના એ પાસા અંગે પણ થોડી વાત કરીએ કે જેના થકી એક જ લશ્કરી સંસ્થામાં પ્રારંભિક તાલીમ લઈને પછી લશ્કરની ત્રણેય પાંખની જરૂરિયાત મુજબની તાલીમ લેવા માટે અલગ-અલગ સંસ્થાઓમાં જતાં કેડેટ્સ વચ્ચે એ પછી સીધો સંપર્ક ન રહેવા છતાં એક આજીવન ઘનિષ્ઠ સંબંધ સ્થપાઈ જાય છે.





**બોર્ડર**
**કેપ્ટન શૂરવીર સિંહ**

આ વાત કરીએ છીએ ત્યારે સૌપ્રથમ એ ધ્યાનમાં રાખીએ કે ભારતીય લશ્કરમાં જોડાવા માગતા તમામ કેડેટ્સની શરૂઆતની તાલીમ એકસાથે થાય છે. અહીં જ તેમની વચ્ચે એક લાઈફટાઈમ સ્ટ્રોંગ બોન્ડ પણ બને છે. એ ઉપરાંત અહીં આરંભિક તાલીમ દરમ્યાન એવી કેટલીક ફરજિયાત કવાયત પણ કરાવવામાં આવે છે. જેમ કે કોઈ પણ તાલીમ કેડેટ્સને સામાન્ય રીતે એકલા નહીં બલકે જૂથમાં અને એ શક્ય ન હોય ત્યારે ઓછામાં ઓછા બે કેડેટ્સને સાથે રાખીને અપાય છે. એક જૂથમાં જેટલા પણ કેડેટ્સ હોય તે બધા એકબીજાના બડીઝ કહેવાય છે અને જે બડીઝ હોય તેમની તમામ પ્રકારની શારીરિક-માનસિક સલામતીની જવાબદારી પરસ્પરની હોય છે અને બડીઝ એકબીજા સાથે પોતાની તમામ વાતો શેર કરે છે. એટલે જ જ્યારે કોઈ એક ચોક્કસ સમયે ઉપલા સ્તરે કોઈ એક કેડેટ અથવા એકથી વધુ કેડેટ્સ કોઈ વિવાદમાં આવે અથવા તેમની ચોક્કસ પ્રકારની વર્તણૂકનો ક્યાસ કાઢવાની વાત આવે ત્યારે સિનિયર અધિકારી સૌ પહેલાં એક જ પ્રશ્ન કરે કે આનો બડી ક્યાં છે? અથવા આ કોનો બડી છે? ભારતીય લશ્કરની આ બડી સિસ્ટમ છેવટે કેડેટ્સ વચ્ચે આજીવન મૈત્રી અને એક સ્ટ્રોંગ બોન્ડ ઊભું કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. ભારતીય લશ્કરની આ પહેલનો મુખ્ય હેતુ આ બોન્ડિંગને વૈશ્વિક સ્તરે મજબૂત કરી તેનો વ્યૂહાત્મક લાભ લેવાનો છે.

અહીં એ પણ નોંધવું રહ્યું કે આપણા આર્મી ટ્રેનિંગ કમાન્ડના નેજા હેઠળ હાલ લશ્કરી તાલીમની કુલ 34 સંસ્થાઓ કાર્યરત છે. આ સંસ્થાઓમાં અત્યારસુધી કુલ 2,483 સ્ટુડન્ટસ(કેડેટ્સ) તાલીમ લઈ ચૂક્યા છે. તેમના સહિત કુલ 68,482 લોકો આ સંસ્થાઓની મુલાકાત લઈ ચૂક્યા છે અને આ રીતે કુલ 99 દેશોના લશ્કર ભારતના લશ્કર સાથે સંયુક્ત લશ્કરી તાલીમ અભિયાન દરમ્યાન આ સંસ્થાઓનો ઉપયોગ કરી ચૂક્યા છે. ભારતીય લશ્કરે જાહેર કરેલા સત્તાવાર આંકડા મુજબ માત્ર છેલ્લા એક દાયકા દરમ્યાન જ આપણા મિત્ર દેશોના 21,500 લશ્કરી જવાનો ભારતીય લશ્કરની તાલીમી સંસ્થાઓમાં તાલીમ લઈ ચૂક્યા છે.

ભારતીય લશ્કરની આ પહેલ હેઠળ ભારતીય ઉપખંડના બાંગ્લાદેશ, ભુતાન, નેપાળ, શ્રીલંકા અને માલદીવ્સનો સમાવેશ થાય છે આ ઉપરાંત મધ્ય એશિયાના કિર્ગિઝસ્તાન તેમજ દક્ષિણ પૂર્વ એશિયાના કેટલાક દેશોનો સમાવેશ થાય છે. જેમ કે શ્રીલંકન આર્મીના વર્તમાન વડા ભારતીય લશ્કરી સંસ્થાઓમાં તાલીમ લઈ ચૂક્યા છે. ભારતના ચાવીરૂપ લશ્કરી ભાગીદારોમાં બાંગ્લાદેશ, મલેશિયા, ભુતાન,નેપાળ અને શ્રીલંકાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત આ પહેલ થકી આપણા લશ્કરી વૈશ્વિક પહોંચ વધારવાનો હેતુ છે તેમાં અમેરિકા, બ્રિટન, કેનેડા, ફ્રાન્સ અને જાપાનનો સમાવેશ થાય છે. વ્યૂહાત્મક રીતે આ પહેલથી વિશ્વસ્તરે લશ્કરી માળખાગત સુવિધાઓ અને તાલીમલક્ષી સુવિધાઓ મેળવવામાં ખાસ લાભ થશે. •




# શું ‘ટોક્સિક’થી યશ બોક્સ ઓફિસ પર ‘ધુરંધર’ સાબિત થઈ શકશે?

જેમ જેમ 19 માર્ચની તારીખ નજીક આવી રહી છે એમ એમ રણવીર સિંહની ‘ધુરંધર 2’ અને યશની ‘ટોક્સિક’ વચ્ચેની ટક્કરની ચર્ચા વધી રહી છે. બંનેમાં કોણ આગળ રહેશે અને રેકોર્ડ બનાવશે એ જાણવાની દર્શકોની આતુરતા વધી રહી છે. બોક્સ ઓફિસ પર જે મહાયુદ્ધ થવાનું છે તેમાં હાલમાં એડવાન્સ બુકિંગ અને પ્રી-રિલીઝ બિઝનેસના મામલામાં ‘ધુરંધર ૨’ કરતા ‘ટોક્સિક’ થોડી આગળ નીકળતી દેખાઈ રહી છે. ‘ટોક્સિક’ એ રિલીઝ વિદેશી વિતરણ માટે રૂ.૧૦૫ કરોડનો સોદો કર્યો છે. આ અત્યાર સુધીનો કોઈપણ ભારતીય ફિલ્મ માટેનો સૌથી મોટો સોદો માનવામાં આવે છે. રણવીરની ‘ધુરંધર ૨’ ભલે વિદેશમાં થોડી પાછળ હોય પણ ભારતની અંદર ઓટીટી, સેટેલાઈટ અને મ્યુઝિક રાઈટ્સ વેચીને રિલીઝ પહેલા જ રૂ.૨૪૫ કરોડની કમાણી કરી લીધી છે. તે અત્યારથી જ નફામાં છે! તેલુગુ રાજ્યોમાં ‘ટોક્સિક’ના વિતરણ હક રૂ.૧૨૦ કરોડમાં વેચાયા છે. જેનો સીધો અર્થ એ છે કે દક્ષિણમાં યશનું પલ્લું ભારે રહેશે.

> **‘ધુરંધર ૨’ માટે એક માઠા સમાચાર એ ગણાય કે તેની ભારત-પાકિસ્તાનવાળી સ્ટોરીલાઈનને કારણે ગલ્ફ દેશો (દુબઈ, કતાર વગેરે) માં પ્રતિબંધ મુકાઈ શકે છે. આ વાતનો સીધો ફાયદો ‘ટોક્સિક’ને મળશે**

‘ધુરંધર’ના પહેલા ભાગે તેલુગુ માર્કેટમાં માત્ર હિન્દી વર્ઝનથી રૂ.૬૫ કરોડ કમાયા હતા. આ વખતે ફિલ્મ પાંચ ભાષાઓમાં રજૂ થઈ રહી છે. જેથી દક્ષિણમાં પણ યશને જોરદાર ટક્કર આપી શકે છે. ‘બુક માય શો’ પર હાલમાં ‘ટોક્સિક’માં ૩.૭ લાખથી વધુ લોકોએ જ્યારે ‘ધુરંધર ૨’માં ૧.૨ લાખથી વધુ લોકોએ રસ દાખવ્યો છે. ‘ધુરંધર ૨’ માટે એક માઠા સમાચાર એ ગણાય કે તેની ભારત-પાકિસ્તાનવાળી સ્ટોરીલાઈનને કારણે ગલ્ફ દેશો (દુબઈ, કતાર વગેરે) માં પ્રતિબંધ મુકાઈ શકે છે. આ વાતનો સીધો ફાયદો ‘ટોક્સિક’ને મળશે. જેને ત્યાં બહોળો પ્રતિસાદ મળી રહ્યો છે. યશનો ક્રેઝ ‘KGF 2’ પછી ચરમસીમા પર છે અને ૪ વર્ષની રાહ જોયા પછી ચાહકો તેને જોવા આતુર છે. બીજી તરફ રણવીર સિંહની ‘ધુરંધર’હિન્દી સિનેમાની સૌથી મોટી હિટ ફિલ્મ રહી ચૂકી છે. તેથી તેની સિક્વલ જોવા માટે પણ લાખો લોકો તૈયાર છે. ‘ટોક્સિક’ ગ્લોબલ અને સાઉથ માર્કેટમાં કિંગ સાબિત થઈ રહી છે જ્યારે ‘ધુરંધર ૨’ હિન્દી બેલ્ટ અને ડિજિટલ રાઈટ્સમાં રેકોર્ડ તોડી રહી છે. રણવીરની ‘ધુરંધર ૨’ પાસે તેની બ્રાન્ડ વેલ્યુ અને પહેલા ભાગની સફળતાનું પીઠબળ છે જ્યારે ‘ટોક્સિક’ પાસે યશનો પ્રચંડ ક્રેઝ અને વિદેશી માર્કેટનો સાથ છે. બજેટની દ્રષ્ટિએ ‘ટોક્સિક’ વધુ મોંઘી ફિલ્મ છે. તેથી તેને હિટ થવા માટે બોક્સ ઓફિસ પર મોટો ધડાકો કરવો પડશે. ‘ધુરંધર 2’ પહેલેથી જ નફામાં છે.

**ફિલ્મોગ્રાફ**
**રાકેશ ઠક્કર**

સલમાને પોતાની ફિલ્મ ‘બેટલ ઓફ ગલવાન’ને ઈદ પ્રસંગ હોવા છતાં આ ટક્કરથી દૂર રાખી ચતુર અને વ્યૂહાત્મક નિર્ણય લીધો હતો. બે મહાકાય ફિલ્મો સામસામે આવી રહી હોય ત્યારે ત્રીજી મોટી ફિલ્મ લાવવી એ આત્મઘાતી સાબિત થઈ શકે તેમ હતું. સલમાને સમજદારી બતાવીને આ ક્લેશ ટાળ્યો છે. તાજા અહેવાલો મુજબ આ ફિલ્મ હવે ઓગસ્ટ સુધી પાછી ઠેલાવા પાછળના કેટલાક કારણો છે. ગલવાન ઘાટીની લડાઈને પડદા પર જીવંત કરવા માટે અત્યંત ઉચ્ચ કક્ષાના વિઝ્યુઅલ ઈફેક્ટ્સની જરૂર છે. નિર્માતાઓ ઈચ્છતા નથી કે ઉતાવળમાં ગુણવત્તા સાથે સમાધાન થાય. આ એક સંવેદનશીલ વિષય છે. દેશભક્તિ અને વાસ્તવિક ઘટનાને સંતુલિત કરવા માટે સ્ક્રિપ્ટમાં અત્યારે છેલ્લા તબક્કાના સુધારા ચાલી રહ્યા છે. સલમાને ‘બેટલ ઓફ ગલવાન’ને લંબાવીને ભલે ચાહકોને થોડા નિરાશ કર્યા હોય પણ બિઝનેસની દ્રષ્ટિએ આ એક માસ્ટરસ્ટ્રોક છે. અત્યારે તો આખું બોલિવૂડ એ વાતની રાહ જોઈ રહ્યું છે કે ૧૯ માર્ચના રોજ રણવીરનો ‘ધુરંધર’ અંદાજ ચાલશે કે યશનો ‘ટોક્સિક’ જાદુ! સમીક્ષકોનું કહેવું છે કે ફિલ્મોને હરીફ તરીકે જોવાને બદલે ભારતીય સિનેમાના ઉત્સવ તરીકે જોવી જોઈએ.

જ્યારે બે મોટી ફિલ્મો એકસાથે આવે છે ત્યારે તે સિનેમા ઉદ્યોગમાં વધુ પૈસા, વધુ રોજગારી અને વધુ ઉત્સાહ લાવે છે. એકને જીતાડવા માટે બીજાને નીચી દેખાડવાની વૃત્તિ છોડીને બંનેની કલાને બિરદાવવી જોઈએ. રજૂઆત નજીક આવતા જ બંનેના ચાહકોનું યુદ્ધ વધશે. સલાહ એ છે કે સોશિયલ મીડિયા પર પોતાના મનપસંદ સ્ટાર માટે બીજા સ્ટારનું અપમાન ન કરવું જોઈએ. નકારાત્મકતા ફેલાવવાને બદલે ફિલ્મની સારી વાતો શેર કરવી જોઈએ. કારણ કે અંતે તો બંને કલાકારો ભારતીય સિનેમાનું જ પ્રતિનિધિત્વ કરે છે. પ્રેક્ષકો માટે આ એક સુવર્ણ તક છે. લાંબા રજાના ગાળામાં (હોળી/ઈદ વીકેન્ડ) બે અલગ શૈલીની ફિલ્મો જોવાનો વિકલ્પ છે. એક એક્શનથી ભરપૂર ફેન્ચાઈઝી ફિલ્મ છે તો બીજી એક નવી અને રહસ્યમયી દુનિયાની વાર્તા છે. થિયેટરમાં જઈને રણવીર સિંહનો સ્વેગ અને યશનો પાવર પણ જોવાની ઈચ્છા રાખવી જોઈએ! ઈન્ડસ્ટ્રી મજબૂત હશે તો જ ભવિષ્યમાં આવી વધુ ભવ્ય ફિલ્મો બનશે. જ્યારે ઈન્ડસ્ટ્રી જીતે છે ત્યારે આખરે પ્રેક્ષકોને જ સારું કન્ટેન્ટ મળે છે. સ્પર્ધા હંમેશાં ગુણવત્તા સુધારે છે. જ્યારે બે મોટા સ્ટાર્સ સામસામે હોય ત્યારે મેકર્સ વધુ સારું કામ કરવાનો પ્રયાસ કરે છે. આ સ્પર્ધાને નકારાત્મક રીતે લેવાને બદલે તેને તંદુરસ્ત સ્પર્ધા તરીકે લેવી જોઈએ. જે સિનેમાના સ્તરને ઊંચું લઈ જાય છે

### ઓટોગ્રાફ !

હવે સ્થિતિ એવી છે કે ફિલ્મ બને એટલે તે ‘પાન-ઈન્ડિયા’ જ હોવી જોઈએ. ભલે વાર્તા ગલીના ખૂણાની હોય પણ હીરો સાઉથનો અને વિલન નોર્થનો હોવો જ જોઈએ! હવે તો એવું લાગે છે કે જો કોઈ ફિલ્મ માત્ર એક જ ભાષામાં રજૂ થાય તો તેને ગંભીરતાથી લેવામાં જ આવતી નથી! •

# માણસ એટલે કપટ-કલાકાર..!

**જીવન સરિતાને તીરે**
**દિનેશ પાંચાલ**

‘બુદ્ધિશાળી બુદ્ધિથી પૈસાદાર બની શકે છે. પણ પૈસાદાર માણસ પૈસા વડે બુદ્ધિશાળી બની શકતો નથી..!’ રૂમાર્ગોનું આ કથન સાચું લાગે એવી લઘુકથા હમણાં વાંચવા મળી. એક ગામમાં બધાં માણસો આસ્તિક હતાં. ફક્ત એક માણસ નાસ્તિક હતો. ગામમાં દુકાળ પડ્યો. નાસ્તિક ગરીબ હતો. એ નાસ્તિક હોવાને કારણે કોઈએ એને ખાવાનું ન આપ્યું. નાસ્તિકે બુદ્ધિનું શસ્ત્ર ઉગામ્યું. તે મોડી રાત્રે ઊઠીને ગામના નાકે આવેલા ગરનાળામાંથી પાણી ભરી લાવ્યો, તેમાંથી તેણે ઘણી શીશીઓ તૈયાર કરી. બીજે દિવસે તે- ‘આ ગંગાજળ છે’ - એમ કહી વેચવા લાગ્યો. લોકોને એણે કહ્યું: “આ અભિમંત્રિત ગંગાજળ ઘરમાં છાંટવાથી દુષ્કાળ, ધરતીકંપ પ્લેગ વગેરેની અસરમાંથી સત્વરે મુક્ત થઈ શકાય છે..!” આ સાંભળી ગામનાં બધાં આસ્તિકો તૂટી પડ્યા. બધી શીશીઓ ટપોટપ વેચાઈ ગઈ. પેલો નાસ્તિક માણસ પૈસાદાર તો ન બની શક્યો પણ એના પેટની ભૂખ બુદ્ધિથી ઠરી શકી.

એવો જ એક બીજો કિસ્સો જુઓ. આ દેશમાં કાશ્મીરથી કન્યાકુમારી સુધી સેંકડો પ્રકારની છેતરપિંડી થતી રહે છે. એમાં મારું શહેર શી રીતે બાકાત રહી શકે? આશ્ચર્ય એ વાતનું થયું કે થોડા મહિના પૂર્વે પડખેના શહેરમાં એવો જ કિસ્સો બન્યો હતો અને તે છાપાઓમાં ચમક્યો હતો. છતાં તે વાંચીનેય લોકો ના ચેત્યા. બલકે જેમની પાસે પૈસા ના હતા તેઓ ઉધાર ઉછીના લઈને ય દોડ્યા. મદ્રાસથી આવેલો સાવ અજાણ્યો માણસ નવા ફ્રિઝ, ટીવી, પંખા વગેરે અડધી કિંમતે વેચતો હતો. થોડા દિવસો બાદ એ ગઠિયો લાખો રુપિયા બટોરી ભાગી છૂટ્યો. ભોગ બનેલાઓએ માથા કૂટ્યા. કેટલાંકને એટલો ગુસ્સો આવ્યો કે પેલા ગઠિયાના મકાનના બારી બારણા, ટાઈલ્સ, ફર્નિચર વગેરે કાઢીને લઈ ગયા.

(બળતા ઘરનો દાંડો!) એ ઘર પેલા ગઠિયાની માલિકીનું નહોતું. તેણે મોમાંગી કિંમતે ભાડે રાખ્યું હતું. (જોયું રાવણ બનવાની તાકાત હોય તો આખેઆખી લંકા ભાડે મળી શકે..!) પેલા ગઠિયાએ શરૂઆતમાં થોડાંક માણસોને દરેક વસ્તુ અડધી કિંમતે આપી હતી. કોઈને અડધી કિંમતે નવુ ફ્રિઝ મળ્યું હોય તો તેને ખાત્રી થઈ જાય કે મદ્રાસી દગાખોર નથી. ત્યારબાદ દરેક માણસ એ દગાકાંડમાં ઝૂકાવે છે. એમ સમજો કે પેલું ફ્રિઝ ઉંદરના પાંજરામાં લટકાવેલી રોટલી જેવો ભાગ ભજવે છે.

માણસને છેતરવા માટે પ્રથમ સત્યના થોડા સેમ્પલો પુરાવા રૂપે રજુ કરવા પડે છે. ચોખ્ખું મધ વેચવા નીકળતો ડાંગનો આદિવાસી સત્યના પુરાવા રૂપે મધના તપેલામાં મધપૂડો નાખીને લાવે છે. એ મધપૂડાને કારણે એના બનાવટી મધ પર આઈ.એસ.આઈનો માર્કો લાગી જાય છે. પછી એની ચાસણી વેચાતા વાર લાગતી નથી.



ઉપર્યુક્ત ઘટના બની ત્યારે અમારા એક મિત્રે તેના સાળાને ચેતવતાં કહેલું: “વીશ હજારનું તદ્દન નવુ ફ્રિઝ એ તને પાંચ હજારમાં આપીને પાંચ હજારની ખોટ શું કામ ખાય..? એક દિવસમાં એવા દશ ફ્રિઝ લેનારા નીકળે તો એ માણસને પુરા પચાસ હજારની ખોટ જાય..! કયા માણસને એવો ધંધો પરવડે જેમાં ખોટ જતી હોય..?” પણ સમાજના બહુ મોટા વર્ગને વિચારવાની આદત નથી હોતી. તેમણે તેમનું દિમાગ ‘નોનયૂઝ’માં મૂક્યું હોય છે. પાડોશીને ત્યાં આવેલા નવાનક્કોર ફ્રીઝના ચળકાટમાં એની બે પાંચ મિલીગ્રામ બુદ્ધિ પણ સ્વાહા થઈ જાય છે.

મફતમાં મળતી વસ્તુ માટે એને અદમ્ય આકર્ષણ હોય છે. ‘દોડો દોડો... એક શર્ટ માત્ર એકસો રૂપિયામાં...!’ એવી બુમ પાડો તો કોઈ ના ખરીદે પણ મફત શબ્દ ઉમેરાય તો કમાલ થઈ જાય છે. નવસારીમાં કોઈએ એ કીમિયો અજમાવ્યો હતો. ૨૫૦ રૂપિયાનું એક શર્ટ ખરીદો તો એક શર્ટ મફત..!’ એવી જાહેરાત કરી. ખરેખર મફતમાં કાંઈ હતું નહીં, પણ લોકોને મફત શબ્દનું ગજબનું આકર્ષણ હોય છે. એક મફત શબ્દને કારણે તેના ગોડાઉન ભરીને શર્ટ વેચાઈ ગયા.

> **આપણો સમાજ દગાબાજોનું સ્વર્ગ છે. અહીં સોનાના ઘરેણાં ધોઈ આપવાને બહાને ધોળે દહાડે લોકોને ધોઈ નાખ્યાના કિસ્સાઓ બનતા રહે છે. ટ્રેનમાં કોઈએ મફત ફ્રૂટી પીવડાવી લૂંટી લીધા હોય એવું વારંવાર બન્યું છે. છતાં લોકો મફતમાં ફ્રૂટી પીતા રહે છે, અને રોકડમાં લૂંટાતા રહે છે**

આપણો સમાજ દગાબાજોનું સ્વર્ગ છે. અહીં સોનાના ઘરેણાં ધોઈ આપવાને બહાને ધોળે દહાડે લોકોને ધોઈ નાખ્યાના કિસ્સાઓ બનતા રહે છે. ટ્રેનમાં કોઈએ મફત ફ્રૂટી પીવડાવી લૂંટી લીધા હોય એવું વારંવાર બન્યું છે.

છતાં લોકો મફતમાં ફ્રૂટી પીતા રહે છે, અને રોકડમાં લૂંટાતા રહે છે. આવી ધાર્મિક લૂંટ (રિલિજિયસ રોબરી) થતી રહે છે. પ્રસાદનો અનાદાર ના કરાય એવી અંધશ્રદ્ધામાં માનતો માણસ પ્રસાદ ખાઈને નાદાર થઈ જાય છે. અંધશ્રદ્ધા પ્રત્યે જેમને આદર હોય તેમને સત્યનારાયણ કોઈ મદદ કરી શકતા નથી. માણસ છેતરાવા માટે ટાંપીને બેઠો હોવાથી રમતવાતમાં છેતરાઈ જાય છે.

### ધૂપછાંવ

બુદ્ધિ માણસના મનનું એવું ઘરેણું છે, જેના સદુપયોગથી જગતના ચોકમાં ઠેર ઠેર પ્રગતિના દીવડા ઝળહળી રહ્યા છે. પણ જ્યાં બુદ્ધિનો દૂરુપયોગ થાય છે, ત્યાં દુ:ખોનો ઘોર અંધકાર છવાઈ જાય છે. માણસે આ દુનિયામાં બેવડી ભૂમિકા ભજવી છે. એણે પ્રગતિના દીવડાય કર્યા છે. અને અંધકાર કરવાનું ય એ ચૂક્યો નથી. એથી જ સ્વામી સચ્ચિદાનંદજીએ કહ્યું છે: ‘માણસ જેવો પથરો નહીં અને માણસ જેવું રતન નહીં..!’ •